# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ-કચ્છ.

## બંધારણ અને ધારાધોરણો : સુધારા અને મંતવ્ય દરખાસ્ત

વર્ષ-૨૦૧૭ની વાર્ષિક સામાન્ય સભામાં બંધારણ સુધારા માટે નીચે મુજબના પાંચ સભ્યોની કમિટી નક્કી કરવામાં આવેલ છે. જેમણે સૂચવેલા પ્રાથમિક સુધારા અત્રે જ્ઞાતિજનોની જાણ માટે કે તેમાં પૂરક મંતવ્યો આપવા તથા તમારા તરફથી નવા સુધારા સુચવવા માટે અત્રે રજૂ કરેલ છે. જેને આ સાથે નિયત નમૂનામાં આપેલ ફોર્મ સાથે ભરીને આપવા વિનંતી.

૧. આર. આર. પટેલ    ૨. આર. એસ. હિરાણી    ૩. કે. કે. હિરાણી
૪. પ્રવિણભાઈ પિંડોરીયા    ૫. રમેશભાઈ પિંડોરીયા

**કલમો ::**

૨ સુધારો : (૭) મિલ્કતનો ઉપયોગ સમાજના ટ્રસ્ટીઓને બદલે કારોબારી પ્રવર્તમાન કાયદાને આધિન રહી સંસ્થાના ઉદ્દેશોને અનુરૂપ સમાજની સમાન્ય સભાની મંજુરી મેળવી કરી શકશે.
- જ્યાં જ્યાં જ્ઞાતિ શબ્દનો ઉલ્લેખ છે તેની જગ્યાએ સમાજ શબ્દનો અર્થ સમજવો.

૨ ઉમેરો : (૮) જ્ઞાતિજનોના આર્થિક ઉત્કર્ષ માટે જેવી કે ખેતી, ઉદ્યોગ, વેપાર વગેરેને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિઓ કરવી.

૪ સુધારો : નવા આજીવન સભ્ય તે ગણાશે જે એકી સાથે રૂા. ૧૦૦૦/- આજીવન સભ્ય ફી તરીકે ભરશે.

૪ કલમ રદ્દ કરવી :- કલમ ૨ [અ], [બ] અને [મ] રદ્દ કરવી
(૧) અને (૨) રદ્દ કરવી

૪ સુધારો : (૩) વર્ષ દરમ્યાન ગમે ત્યારે સભ્ય ફી ભરીને આજીવન સભ્ય થઈ શકશે.
નાણાંકીય વર્ષ તા. ૧ એપ્રિલ થઈ ૩૧ માર્ચ ગણાશે.

૫ કલમ (૨) રદ્દ કરવી

૬ સુધારો : (૬) ૩૧ ડીસેમ્બર સુધી જે આજીવન સભ્ય તરીકે નોંધાયેલા હશે તેઓ ત્યાર પછીના વર્ષથી મત આપી શકશે.

૭ સુધારો : (૭) દર વર્ષે ૩૦ જુન પહેલાં કાર્યવાહી સમિતિએ નક્કી કરેલ તારીખે ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી વર્તમાન પત્રો દ્વારા જાહેરાત આપી વાર્ષિક સભા બોલાવવાની રહેશે અને આ સભામાં નીચે મુજબ કાર્યક્રમ રાખવો :-

સુધારો : (૫) રોટેશન મુજબ નિવૃત્તિ થતાં કારોબારી સભ્યની નિમણુક કરવી.

૮ સુધારો : (૮) વાર્ષિક સભા ઉપરાંત કાર્યવાહક સમિતિને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે વર્તમાનપત્ર દ્વારા સાત દિવસ અગાઉથી ખબર આપી સભ્યોની સાધારણ સભા બોલાવી શકશે.

૧૮ સુધારો : રોટેશન મુજબ નિવૃત્તિ થતાં સભ્યો તેજ વર્ષ ફરીથી ચૂંટાઈ શકશે નહીં પરંતુ એ પછીની આવતી ચૂંટણીમાં તેઓ ફરીથી ચૂંટાઈ શકશે.

૩૩ સુધારો : (૩૩) આ કલમની હાલના સંજોગોમાં જરૂરિયાત ન હોતા તેમની પેટા કલમો સહિત રદ્દ કરવી.

૪૦ સુધારો : (૪૦) ભારતના ચેરીટી ટ્રસ્ટની જગ્યાએ ગુજરાત ચેરીટી ટ્રસ્ટ વાંચવું.

૪૧ સુધારો : (૪૧) ઉદ્દેશોમાં પ્રવર્તમાન સમયમાં સમાજના લોકોને વધુને વધુ ક્ષેત્રમાં લાભ મળી શકે એવા સંજોગોને અનુરૂપ પ્રવર્તમાન કાયદાને આધિન રહીને ફેરફાર થઈ શકશે.

## :: કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ ::

સુધારો : રોટેશન મુજબ નિવૃત્ત થતાં સભ્યો તે જ વર્ષ ફરીથી ચૂંટાઈ શકશે નહીં પરંતુ એ પછી આવતી ચૂંટણીમાં તેઓ ફરીથી ચૂંટાઈ શકશે.

## :: કચ્છી લેવા પટેલ યુવક સંઘ ::

સુધારો : રોટેશન મુજબ નિવૃત્ત થતાં સભ્યો તે જ વર્ષ ફરીથી ચૂંટાઈ શકશે નહીં પરંતુ એ પછી આવતી ચૂંટણીમાં તેઓ ફરીથી ચૂંટાઈ શકશે.